**ક્રિ.પરચુ.અ.નં.૧૨૪/૨૨ ના કામે આંક–૧ લગત હુકમ :–**

**(૧)** અરજદારની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, અરજદાર વસાવા અરવીદભાઈ રમણભાઈ, રહે. મોરીયાણા કાળી કંપની,તા.નેત્રંગ,જી.ભરૂચ મુકામે રહે છે અને તેઓના પુત્ર **" સાહિલભાઈ અરવિંદભાઈ વસાવા"** નો જન્મ તા. ૦૧/૦૫/૨૦૦૯ ના રોજ મુ. મોરીયાણા–કાળી કંપની મુકામે થયેલ છે. તેઓના પુત્રના જન્મ બાદ અરજદારની શરતચુક તથા અજ્ઞાનતાના કારણે તેઓના પુત્ર **" સાહિલભાઈ અરવિંદભાઈ વસાવા"** ના જન્મની નોંધ મોરીયાણા ગૃપ ગ્રામ પંચાયતના જન્મ–મરણ પત્રકમાં કરાવવાની રહી ગયેલ છે. અરજદારના દિકરાના જન્મના દાખલાની સરકારી કામકાજ માટે જરૂર પડતા અને સામાવાળાની કચેરીએ અરજી કરતા અરજદારના પુત્રના જન્મની નોંધ જન્મ મરણ પત્રકમાં નોંધાયેલ હતી નહી. આમ, અરજદારના દિકરા **સાહિલભાઈના** જન્મની નોંધણી સામાવાળાના દફતરેના જન્મ–મરણ રજીસ્ટરમાં તેમની અજ્ઞાનતાના કારણે શરતચુકથી કરાવવાની રહી ગયેલ છે. અરજદારને તેઓના દિકરાના જન્મના દાખલાની જરૂર હોઈ હાલની અરજી કરેલ છે.

**(૨)** હાલના કામે અરજદારે નીચે મુજબના લેખિત તેમજ મૌખિક પુરાવાઓ રજુ કરેલ છે.

(૧) આંક–૦૪ થી ડી.ઈ.લીસ્ટ.

(૨) આંક–૦૫ થી સંદેશ સમાચાર પત્રની અસલ પ્રત.

(૩) આંક–૦૬ થી અરજદાર અરવિંદભાઈ રમણભાઈની જુબાની.

(૪) આંક–૦૮ થી સાહેદ મંજુલાબેન અરવિંદભાઈની જુબાની.

(૫) આંક–૧૦ થી સાહેદ શનાભાઈ ઠાકોરભાઈની જુબાની.

(૬) આંક–૧૨ થી સાહેદ નારસીગભાઈ જેઠીયાભાઈની જુબાની.

(૭) આંક–૧૪ થી સાહેદ રમણભાઈ લાલજીભાઈની જુબાની.

(૮) આંક–૧૬ થી ગીતાબેન બાવજીભાઈની જુબાની
(તલાટી–કમ–મંત્રી, મોરીયાણા ગ્રુપ ગ્રામ પંચાયત)

(૯) આંક–૧૭ થી તલાટી કમ મંત્રીએ આપેલ અપ્રાપ્ય પ્રમાણપત્રની નકલ.

(૧૦) આંક–૧૮ થી ૨૦૦૯ અને ૨૦૧૦ ના સાલના જન્મ રજીસ્ટરની નકલ.

**(૩)** આ કામે આંક–૫ ના પુરાવાલીસ્ટથી અરજદારે જન્મ–મરણ અધિનીયમ અંગેની જાહેર નોટીસ સંદેશ દૈનીક વર્તમાનપત્રમાં તા.૧૪/૦૪/૨૩ ના રોજ છપાયેલ તે અસલ જાહેરનોટીસ રજુ થયેલ છે. જે જાહેર નોટીસ સબંધે આજદિન સુધી કોઈ જ વાંધા અરજી આવેલ નથી.

**(૪)** આ કામે આંક–૧૬ થી ગીતાબેન બાવજીભાઈ, તલાટી–કમ–મંત્રી, મોરીયાણા ગ્રુપ ગ્રામ પંચાયત તેમની કોર્ટ રૂબરૂની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, અરજદારે તેઓના દિકરા સાહિલભાઈની જન્મ તા.૦૧/૦૫/૨૦૦૯ ની જણાવી તેના જન્મના દાખલાની માંગણી કરતા તેમણે પંચાયતની ઓફીસે ૨૦૦૯ અને ૨૦૧૦ ના સાલના જન્મ રજીસ્ટ્રરમાં ખાત્રી તપાસ કરતા તેમા અરજદારના દિકરા સાહિલભાઈના જન્મની નોંધ થયેલ ન હતી જેથી તેમણે તે મતલબનો અપ્રાપ્ય પ્રમાણપત્ર અરજદારને આપેલો. જે આંક–૧૭ થી રજુ થયેલ પ્રમાણપત્રમા તેમની પંચાયતનો કરેલ સીકકો અને તેમણે કરેલ સહી ઓળખી બતાવેલ છે તેમજ સાહિલભાઈના જન્મની નોંધ જન્મ રજીસ્ટરમા થયેલ ન હતી તેવુ સને ૨૦૦૯ અને ૨૦૧૦ સાલનુ જન્મ રજીસ્ટર આંક–૧૮ થી રજુ થયેલ છે તેમા પણ તેઓએ કરેલ સહી સિકકા ઓળખી બતાવેલ છે. વધુમા આ ગ્રામ પંચાયતના દાખલાથી અરજદારના દિકરાના જન્મની નોંધ ન થયેલ હોવાનુ ફલિત થાય છે. વધુમા સદર કામે આંક–૦૮ થી સાહેદ મંજુલાબેન અરવિંદભાઈ,આંક–૧૦ થી સાહેદ શનાભાઈ ઠાકોરભાઈ,આંક–૧૨ થી સાહેદ નારસીંગભાઈ જેઠીયાભાઈ, આંક–૧૪ થી સાહેદ રમણભાઈ લાલજીભાઈ નાઓની સોગંદ ઉપરની જુબાની ધ્યાને લેતા

તેઓએ અરજદારના દિકરા સાહિલભાઈનો જન્મ તા.૦૧/૦૫/૨૦૦૯ ના રોજ મોરીયાણા કાળી કંપની, તા. નેત્રંગ મુકામે થયેલ હોવાની હકીકતને સમર્થન આપેલ છે તેમજ અરજદારના પિતાની અજ્ઞાનતાના કારણે અરજદારના પુત્ર સાહિલભાઈનુ નામ જન્મ નોંધણીમા થયેલ નથી તેમજ અરજદાર મોરીયાણા કાળી કંપની મુકામે જન્મેલ છે તેવી હકીકતને સમર્થન કરેલ છે. વધુમા અરજદારની આંક.૬ થી રજુ થયેલ જુબાની ધ્યાને લેતા સરકારી કામે તેઓને તેઓના દીકરા સાહિલભાઈના જન્મના દાખલાની જરૂર પડેલ છે તેમજ તેઓએ આ સિવાય બીજી કોઈ જગ્યાએ સદર બાબતની બીજી કોઈ અરજી કરેલ નથી તેવી હકીકત જણાવેલ છે. આમ, ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતા અરજદારના પિતાની અજ્ઞાનતાના કારણે અરજદારના પુત્ર સાહિલભાઈના નામની નોધણી મોરીયાણા ગ્રુપ ગ્રામ પંચાયતના જન્મ મરણ રજીસ્ટરમા કરવાનુ રહી ગયેલ હોવાનુ ફલીત થાય છે અને જો અરજદારને તે જન્મ અંગેનો દાખલો ન મળે તો તેમને અગવડતા થવાની શકયતાઓ પણ રહેલી છે અને રેકર્ડ ઉપર પ્રસ્તુત થયેલ અન્ય પુરાવાઓથી પણ અરજદારના પુત્ર સાહિલભાઈનો જન્મ મોરીયાણા કાળી કંપની મુકામે થયેલ હોવાનુ ફલીત થાય છે તેમજ તે સંદર્ભે અન્ય કોઈ ધ્વારા વાંધા લેવામા આવેલ હોય તેવુ પણ જણાઈ આવતુ નથી. આમ ઉપરોકત મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતા અરજદારના દિકરા સાહિલભાઈનો જન્મ તા.૦૧/૦૫/૨૦૦૯ ના રોજ મોરીયાણા કાળી કંપની, તા.નેત્રંગ મુકામે થયેલ હોવાનુ અને તેની નોંધ મોરીયાણા ગ્રુપ ગ્રામ પંચાયતના જન્મ રજીસ્ટરે શરતચુકથી રજીસ્ટર કરાવવાનુ રહી ગયેલ હોવાનુ ફલિત થાય છે. અરજદારના દિકરાને તેના જન્મના દાખલાની જરૂર હોઈ જન્મની નોંધણી કરાવવાની જરૂરીયાત ઉપસ્થિત થયેલ છે. આ સંજોગોમાં જન્મની નોંધણી કરવા હુકમ કરવો ન્યાયોચિત અને વ્યાજબી જણાય છે. જેથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**<u>–// હુ ક મ //–</u>**

- આથી અરજદાર વસાવા અરવિંદભાઈ રમણભાઈની અરજી મંજુર કરવામાં આવે છે.

**<u>ક્રિ.પરચુ.અ.નં.૧૨૪/૨૨ ના કામે આંક–૧ લગત હુકમ</u>**



- તલાટી કમ મંત્રીશ્રી, મુ.મોરીયાણા, તા.નેત્રંગ, જી.ભરૂચનાએ નિયમોનુસાર લેઈટ ફી લઈ, અરજદારના દિકરા "સાહિલભાઈ"ની તા.૦૧/૦૫/૨૦૦૯ ના રોજની જન્મની નોંધ જન્મ રજીસ્ટરે કરવા હુકમ કરવામાં આવે છે.

| | |
|---|---|
| **૧.** જન્મનારનુ નામ | : વસાવા સાહિલભાઈ અરવિંદભાઈ, |
| **૨.**જન્મનારના પિતાનુ નામ | : વસાવા અરવિંદભાઈ રમણભાઈ, |
| જન્મનારના માતાનુ નામ | : વસાવા મંજુલાબેન અરવિંદભાઈ, |
| **૩.**જન્મનારની જાતિ | : પુરૂષ, |
| **૪.**જન્મ સ્થળ | : મુ.મોરીયાણા– કાળી કંપની,<br>તા.નેત્રંગ, જી.ભરૂચ. |
| **૫.**જન્મ તારીખ | : તા.૦૧/૦૫/૨૦૦૯. |

હુકમ આજરોજ તારીખ:૨૨ મી માહે: જુન સને: ૨૦૨૩ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ:–૨૨/૦૬/૨૦૨૩
સ્થળ :–નેત્રંગ.

**(તન્મય ગિરીશચંદ્ર શુકલ)**
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
નેત્રંગ, જિ.ભરૂચ.

***<u>Judge Code : GJ01105</u>***